હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૮૩૪, વર્ષ : ૩૫, અંક : ૧૧
૦૧-જૂન, ૨૦૨૪

# ઉદીચ્ય

HNGU HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "B" 2.21 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

કરી કલરવ નવા નક્કોર, પેલું વૃક્ષ ઊભું છે,
નજર સામે જ નખરાખોર, પેલું વૃક્ષ ઊભું છે.

ત્વચા આ સખ્ત તડકાની હવે ચીરાઈ જાવાની,
લઈને છમ્મલીલાં ન્હોર, પેલું વૃક્ષ ઊભું છે.

હવામાં ભેજ વરતાતાં પ્રસારી ડાળ ઝૂમે છે,
જુઓ, લગભગ બનીને મોર, પેલું વૃક્ષ ઊભું છે.

ખબર પણ નહીં પડે એ એમ સઘળા પાન લઈ જાશે,
નીકટ આવી રહ્યો છે ચોર, પેલું વૃક્ષ ઊભું છે.

કરી પરવા વગર કાયમ ઈબાદત આભની કરતા,
ઉઠાવી હાથ ઉપરકોર, પેલું વૃક્ષ ઊભું છે.

મને અમથું જ એ ઈશ્વરનું બીજું રૂપ ના લાગે,
અહીંયા, ત્યાં ને ચારેકોર, પેલું વૃક્ષ ઊભું છે.

જાતુષ જોશી

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

પમી જૂન વિશ્વ પર્યાવરણ દિવસ, યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૯૭૨માં સ્ટોકહોમ કોન્ફરન્સમાં વૈશ્વિક સ્તરે પર્યાવરણની સુરક્ષા માટે લોક જાગૃતિ ઉભી થાય અને પ્રશાસન દ્વારા ચોક્કસ દિશામાં પગલાં લેવાય તેવા હેતુસર દર વર્ષે પમી જૂનને વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવવાનુ નક્કી કરવામાં આવ્યું. 'Only one earth' ની થીમ ઉપર ૧૯૭૪માં પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૧૯૮૭ થી જુદા-જુદા દેશના યજમાન પદે ઉજવણી કરવાનું નક્કી કર્યું. જે અન્વયે ૨૦૧૮માં ૪૫મા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ભારત દેશના યજમાન પદે યોજાઈ હતી અને તે 'beat plastic pollution' થીમ ઉપર ઉજવવામાં આવેલ. આપણે સૌ જાણીએ છીએ કે પહેલા ક્યારે નહોતી એટલી વૈશ્વિક પર્યાવરણની કટોકટી આજે આપણે સૌ અનુભવી રહ્યા છીએ. ઋતુચક્રોમાં બદલાવ, જળ-વાયુ પ્રદૂષણમાં વધારો, પૃથ્વીના ફેફસાં કહેવાતા એમેઝોનનાં જંગલો ૨૦% જેટલા ઘટી ગયા છે. જેના કારણે વિશ્વના તાપમાનમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે.

ભારત સરકારના એક અભ્યાસ પ્રમાણે વર્ષ ૧૯૦૧ થી ૨૦૧૫ સુધી દેશના તાપમાનમાં દર વર્ષે ૦.૭ સેલ્સિયસ જેટલો વધારો થાય છે. વાતાવરણમાં ગ્રીન હાઉસ ગેસ વધી રહ્યા છે, પાણીના તળ નીચા ઉતરી રહ્યા છે, વધેલું પ્રદૂષણ માત્ર શરીર માટે જ નહિ પરંતુ માનસિક સ્વાસ્થય માટે પણ જોખમી છે. ૨૦૧૯માં માત્ર વાયુ પ્રદૂષણને લીધે વિશ્વમાં અંદાજે ૪૨ લાખ લોકોનાં મૃત્યુ થયાં હતાં. કાર્બન ડાયોક્સાઈડ અને અન્ય ગ્રીન હાઉસ વાયુઓના શોષણ માટે પૃથ્વીની સપાટી, મહાસાગરો તેમજ વૃક્ષો અગત્યની ભૂમિકા ભજવે છે. એક વૃક્ષ ૧૦ થી ૧૫ વર્ષની વૃદ્ધિ પછી જીવનકાળ દરમ્યાન લગભગ એક થી બે ટન $CO_2$ શોષી લે છે.



માનવીય પ્રવૃત્તિઓને કારણે વાર્ષિક ૩૮ અબજ ટન $CO_2$ ઉત્સર્જિત કરવા માટે આપણે દર વર્ષે લગભગ ચારસો અબજ વૃક્ષો વાવવાની જરૂરિયાત છે. એ.સી.ના કાર્બનને સંતુલિત કરવા માટે આપણે દર વર્ષે બે વૃક્ષ ઉછેરવા જોઈએ. એક છોડ જે ૫૦ વર્ષમાં વૃક્ષ બને છે ત્યારે લાખો રૂપિયાના પાણીનું રી-સાઈકલીંગ કરી આપે છે. ખોરાક બનાવે, વરસાદ લાવે, પવનના વેગને રોકે, પ્રાણવાયુનું ઉત્પાદન ક્ષેત્ર (એક વૃક્ષ આશરે ૭૦૦ કિલો ઓકિસજનનું ઉત્સર્જન કરે છે), પંખીઓ માટે રહેઠાણ, ૨૦ કિલો જેટલી ધૂળનું શોષણ કરે છે, ૩ થી ૪ ટકા જેટલું તાપમાન ઘટાડે છે, જમીનનું ધોવાણ અટકાવે છે. એક વૃક્ષ આશરે ત્રણ કિલો જેટલા કાર્બન ડાયોકસાઈડનું દર વર્ષે શોષણ કરે છે. વાયુ પ્રદૂષણનું નિયંત્રણ કરે છે. ઘરની પાસે વૃક્ષ અકોસ્ટિક વોલની જેમ કામ કરે છે એટલે કે ઘોંઘાટ શોષે છે. હરિયાળી માનવજીવનનો અભિન્ન હિસ્સો હોવો જોઈએ. ગીચ અને ક્રોંકીટના જંગલોમાં રહેતા લોકોની સરખામણીએ ગ્રીનરી વાળા વિસ્તારોમાં

રહેતા લોકોમાં તણાવ અને હતાશાનું પ્રમાણ ૭૧% જેટલું ઓછું જોવા મળે છે તેવો તાજેતરમાં લંડનની કોલેજમાં અભ્યાસ થયો છે.

આપણે જાણીએ છીએ તેમ આદિમાનવનું સમગ્ર જીવન વૃક્ષના સહારે જ વ્યતીત થતુ હતું. જે લોકો વૃક્ષો અને પક્ષીઓના કલરવની વચ્ચે નૈસર્ગિક વાતાવરણમાં રહેતા હતા તેઓમાં સામાજિક અને આર્થિક ભિન્નતા હોવા છતાં માનસિક આરોગ્યને લગતા પ્રશ્નો ઓછા જોવા મળતા હતા. જાપાનમાં ફોરેસ્ટ થેરાપી ખૂબ જ લોકપ્રિય બની છે જેનાથી વ્યક્તિને માનસિક રાહત આપવામાં આવે છે.

વૃક્ષો રોપવા ખૂબ જ જરૂરી છે સાથે–સાથે વાવેલાં વૃક્ષોનાં જતનને પણ મહત્ત્વ આપવું જોઈએ. આપણે જેટલું પ્રકૃતિથી વધુ નજીક રહીશું એટલી સુખાકારી વધશે. કુદરતમાં ઈશ્વરના દર્શન કરશું તો આવનારી પેઢી પણ સ્વસ્થ રહેશે.

તા. ૦૧-૦૬-૨૦૨૪
પાટણ.

**પ્રો. ડૉ. કિશોરકુમાર પોરિયા**
**કુલપતિ**

# યુનિવર્સિટી ન્યુઝ

## પર્યાવરણ દિવસની ઉજવણી









૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કુલપતિ શ્રી ડૉ. કે.સી. પોરિયા, રજીસ્ટાર શ્રી ડૉ. રોહિતભાઈ દેસાઈ, એન.એસ.એસ. સલાહકાર સમિતિના સભ્યો તેમજ યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ૧૦ વૃક્ષોનું વાવેતર કરી દરેક અધિકારીએ એક વૃક્ષ દત્તક લીધું હતું અને ઉછેરવાનો સંકલ્પ લીધો હતો. કુલપતિ શ્રી ડૉ. કે.સી.પોરિયા એ વૃક્ષોનું મહત્ત્વ સમજાવ્યું હતું અને આવનારા સમયમાં એક વિદ્યાર્થી એક વૃક્ષનું વાવેતર અને જતન કરે તે માટે તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે તેમજ પર્યાવરણનું જતન કરવું તે આપણી નૈતિક ફરજ છે અને આવનારી પેઢીને સારું પર્યાવરણ પૂરું પાડવા આહવાન કર્યું હતું. ‘‘આપણી જમીન આપણું ભવિષ્ય’’ના સૂત્ર સાથે કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

# કૉલેજ ન્યુઝ

## ઉજવણી



✻ ૧૯૫૨માં ઢાકા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને સામાજિક કાર્યકર્તાઓ દ્વારા પોતાની માતૃભાષાનું અસ્તિત્વ જાળવી રાખવા માટે ૨૧મી ફેબ્રુઆરી એ એક આંદોલન કરવામાં આવ્યું હતું. તેમાં શહીદ થયેલા યુવાનોની યાદમાં યુનેસ્કોએ વર્ષ ૧૯૯૯માં ૨૧ ફેબ્રુઆરીને દર વર્ષે વિશ્વ માતૃભાષા દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. ૨000ના વર્ષમાં પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય માતૃભાષા

દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. આર્ટ્સ કૉલેજ, શામળાજી ખાતે સદર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેનું આયોજન સાહિત્ય પરિષદ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી સાહિત્યના પન્નાલાલ પટેલ, ઝવેરચંદ મેઘાણી, વગેરે જેવા સાહિત્યકારોની યાદો વાગોળવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપક મિત્રો જોડાયા હતા.



✻ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીના ગુજરાતી વિભાગ દ્વારા પ્રિ. ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં 30 વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. પ્રા. હરસુખ પરમારે વિશ્વ માતૃભાષા દિવસ વિશે માહિતી આપીને ગુજરાતીના ઉત્તમ સાહિત્યની વાત કરી હતી. આ પ્રસંગે શુદ્ધ ગુજરાતી વાચન સ્પર્ધા પણ રાખવામાં આવી હતી.



✻ સ્વ.એસ.એચ.જોષી એન્ડ બી.કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બામણામાં તા. ૨૧–૨–૨૦૨૪ ના રોજ પ્રિન્સીપાલ ડૉ. એન. આર. જોષીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ વિભાગ અને ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ ગુજરાતી સાહિત્યના મહાન સાહિત્યકારોના જીવન ચરિત્રોનું પઠન કર્યું હતું. જેમાં કૉલેજના અધ્યાપક પ્રા.બ્રિજેશભાઇ વી.પંચાલ અને પ્રા. પ્રજ્ઞાબેન પંચાલે પ્રસંગને અનુરૂપ ભાષાનું મહત્વ સમજાવતું વક્તવ્ય આપ્યું હતું.



✻ સમગ્ર વિશ્વ ભાષા થકી સંપર્કમાં આવે છે ત્યારે જનની જન્મભૂમિ સ્વર્ગાદપી ગરીયસી જે કહીએ છે એની સાથે જનની ભાષાને યથાર્થ કરતા મહિલા આર્ટ્સ કૉલેજ વિદ્યાનગરી, હિંમતનગરમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. કનૈયાલાલ એલ. પટેલના અધ્યક્ષપદે અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેમાં તેમણે 'મારી માતૃભાષા મારુ ગૌરવ' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. તેમજ અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીનીઓને માતૃભાષાનું મહત્ત્વ, એનો ઈતિહાસ, એની અમર કૃતિઓ અને વર્તમાન સમયમાં માતૃભાષા કેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે અને આવનારા દિવસોમાં એની કઈ પરિસ્થિતિ હશે એના વિશે સુંદર માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય પરિષદ અમદાવાદ દ્વારા તૈયાર કરેલ કાર્યક્રમને સૌએ સાથે મળી નિહાળ્યો હતો.




✻ રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ બી.એડ/એમ.એડ, મહેસાણામાં કવિ કલાપીના જીવન ઝરમરની ડૉ. અર્ચનાબેન બારોટના માર્ગદર્શન હેઠળ ઊજવણી કરવામાં આવી હતી. જેમાં બી.એડ્.ના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કવિ કલાપીના જીવન કવન અને તેમના કાવ્યોનું સુંદર પઠન કરવામાં આવ્યું હતું. કૉલેજના પ્રા.સુમિતકુમાર પરમાર અને ચૌધરી પ્રીતિબેને કવિ કલાપીના જીવન વિશે સુંદર વક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમના અંતે કૉલેજના પ્રિ.ડૉ.શાંતાબેન દ્વારા કવિના જીવન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને કાર્યક્રમને બિરદાવ્યો હતો.

## એન.એસ.એસ.



✻ શ્રી એન. એમ. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, શંખેશ્વરની એન.એસ.એસ. વિભાગની વાર્ષિક શિબિરનો જેસડા મુકામે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ શિબિરમાં શંખેશ્વર તાલુકા પંચાયતના પ્રમુખ ભરતજી ઠાકોર અને ઉપપ્રમુખ પાર્વતીબેન ઠાકોર હાજર રહ્યા હતા. શિબિરમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના એન.એસ.એસ. વિભાગના કો–ઓર્ડીનેટર કે.કે. ઠક્કર મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. ગામના પૂર્વ સરપંચ અને સામાજિક અગ્રણી અજીતભાઈ રથવી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના સંચાલક નવીનભાઈ ભોજકે શિબિરને સંસ્કાર શિબિર ગણાવી પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. જેસડા પ્રાથમિક શાળાના આચાર્યએ આવકાર પ્રવચન કર્યું હતું. કૉલેજના આચાર્ય ડૉ. રાજેશ ત્રિવેદીએ કૉલેજની શિબિર વિશે તેમના વિચારો રજૂ કર્યા હતા.



✲ શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ અને શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર તા.૩૦ જાન્યુઆરી થી ૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ના દરમ્યાન કાંકરેજના સવપુરા ગામે યોજાઈ ગઈ. તેમાં તા.૫–૨–૨૦૨૪ ના રોજ સમાપન સમારોહ કૉલેજના પૂર્વ પ્રિન્સીપાલ ડૉ. હેમરાજભાઈ આર.પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં સવપુરા ગામના સરપંચ, મંડળના ટ્રસ્ટી, પ્રા.શાળાના આચાર્ય, અધ્યાપકો, સ્ટાફગણ તેમજ વિશાળ સંખ્યામાં ગ્રામજનો, વિદ્યાર્થીઓ, એન.એસ.એસ.ના સ્વયંસેવકો હાજર રહ્યા હતા. પ્રિ.ડૉ.દિનેશકુમાર એસ.ચારણ દ્વારા પુષ્પ અને શાબ્દિક સ્વાગત બાદ સમગ્ર શિબિરનો સારાંશ રજુ કર્યો હતો. તેમજ વ્યાખ્યાનના અંતે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો આધાર લઈ જણાવ્યું હતું કે લોકહિત અને પ્રજા કલ્યાણના કાર્યો ક્યારેય પૂર્ણ થતા નથી. સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનના કાર્યો અહર્નિશ ચાલુ રહેશે. સવપુરા ગામના જરૂરિયાતમંદોને ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ શાળાના વિદ્યાર્થીઓને સ્વેટર કૉલેજ તરફથી આપવામાં આવ્યા હતા.

✲ શ્રી બી.પી.બી. આર્ટસ એન્ડ એમ.એચ.જી. કોમર્સ કૉલેજ, ઊંઝાના એન.એસ.એસ.ના ૧૨૫ જેટલા સ્વયં સેવકોએ તા.૧૬ થી ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમ્યાન તરભ મુકામે યોજાયેલ શ્રી વાળીનાથ મહાદેવ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવમાં સતત ૬ દિવસ સુધી ભોજનશાળા, યજ્ઞ શાળા, વી.આઈ.પી. પરિસર અને અન્ય વિભાગોમાં મંદિરના મુખ્ય કાર્યાલયની સૂચના મુજબ સેવાકીય કાર્ય કર્યું હતું. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. આર.કે. શાહ એ વિદ્યાર્થીઓને સેવાકીય કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કૉલેજના આચાર્યશ્રી અને હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી રાષ્ટ્રીય સેવા યોજના કો. ઓર્ડીનેટર કે.કે. ઠક્કરે સ્વયં સેવકોની ઉમદા કામગીરીને બિરદાવી હતી અને તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## દીક્ષાંત સમારંભ



શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં તા. ૧૫–૨–૨૦૨૪ ના રોજ સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થિનીઓનો વાર્ષિકોત્સવ, પારિતોષિક વિતરણ અને દીક્ષાંત સમારોહ યોજાયો હતો. અધ્યક્ષ પદે હેમ.ઉ.ગુ.યુનિ., પાટણના કા.કુલસચિવ ડૉ. કમલેશભાઈ પટેલે વિદ્યાર્થિનીઓને જીવનમાં અથાગ પરિશ્રમ થકી વિકાસ કરવાની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્ય મહેમાન તરીકે જિલ્લા પંચાયત, મહેસાણાના પ્રમુખ તૃષાબેન પટેલે વિદ્યાર્થિનીઓને સશક્ત બનવાની સાથે ઉચ્ચ શિક્ષણ માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણાના ઉપપ્રમુખ તથા સહમંત્રીશ્રી એ વિદ્યાર્થિનીઓને ગુણવત્તા યુક્ત શિક્ષણ પર ભાર મૂકે તેવી સુચના સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે કૉલેજની વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમતગમત અને એન.એસ.એસ. તથા વિવિધ સંશોધન ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓને ઇનામો દ્વારા બિરદાવવામાં આવી હતી.

## પ્રેઝન્ટેશન



શ્રી બી. પી. બી. આર્ટ્સ એન્ડ એમ.એચ.જી. કોમર્સ કૉલેજ, ઊંઝા દ્વારા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ તા. ૮ થી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ દરમિયાન પ્રેઝન્ટેશન અને એસાઈન્મેન્ટનું આયોજન કરવામાં આવેલ જેમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. જેનું સમગ્ર સંચાલન કોમર્સ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રવાસ



શ્રી બી. પી. બી. આર્ટ્સ એન્ડ એમ. એચ. જી. કોમર્સ કૉલેજ, ઊંઝાના કોમર્સ વિભાગ દ્વારા પ્રિ. ડૉ. રાકેશ રાવના માર્ગદર્શન હેઠળ વિજયનગરની પોળો અને ઇડરિયો ગઢ પર્યાવરણ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમર્સ વિભાગના ૫૩ વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેનું સંચાલન કોમર્સ વિભાગ ડૉ. ડી.કે. પટેલ, ડૉ. સુનિતા પટેલ અને ડૉ. સંજય લુહાણા એ કર્યું હતું.

## પ્રજાસત્તાક દિન



✲ શ્રીમતી સી.સી. મહિલા આર્ટ્સ શેઠ સી.એન. કોમર્સ કૉલેજ, વિસનગરમાં તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ૭૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન

તરીકે કેળવણી મંડળના મંત્રી નિકેતુભાઈ મણિયાર ઉપસ્થિત રહી ધ્વજારોહણ કર્યું હતું. એન.સી.સી. કેડેટ્સ દ્વારા ડ્રમ માર્ચ અને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ સાથે એન.એસ.એસ.ના સ્વયંસેવક ભાઈ-બહેનો, કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ સમગ્ર સ્ટાફ હાજર રહી રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરી હતી.



❊ શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૪ના દિવસે ૭૫મા પ્રજાસત્તાક દિવસની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ટ્રસ્ટના પ્રમુખશ્રી ડૉ.મહેશભાઈ મુલાણીના વરદહસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજ વંદન કર્યું હતું. કૉલેજના આચાર્ય ડૉ.સી.એમ.ઠક્કરે સ્વાગત પ્રવચન કરી ભારતના બંધારણ, ભારતની એકતા અને અખંડિતતા વિશે વિશેષ પ્રકાશ પાડ્યો હતો.

## પારિતોષિક વિતરણ



મહિલા આર્ટસ કૉલેજ, વિદ્યાનગરી હિંમતનગર ખાતે સબ કે રામ અંતર્ગત મનકી અયોધ્યા સંદર્ભે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉમદા પ્રદર્શન કરનાર સાત સ્પર્ધાઓમાં પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનારને એન.એસ.એસ. વિભાગ અને લીનસના ડાયરેક્ટર અમદાવાદ તરફથી આકર્ષક ગીફ્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. કુલ ૨૭ વિદ્યાર્થિનીઓને પારિતોષિક આપી નવાજવામાં આવી હતી. પ્રિ. ડૉ. કનૈયાલાલ એલ. પટેલે આવી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ થકી આપણી સંસ્કૃતિ અને વ્યક્તિત્વના નિખાર માટે શીખ આપી હતી.

## મતદાન જાગૃતિ

સ્વ.એસ.એચ.જોષી એન્ડ બી.કે. જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, બામણામાં તા. ૨૨-૨-૨૦૨૪ ના રોજ પ્રિ. ડૉ.એન.આર. જોષીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ યુનિટ દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. કૉલેજના વિદ્યાર્થીઓને મતદાન જાગૃતિ માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. જેમાં



બામણાના બી.એલ.ઓ., ડી.એમ.બી.પી હાઈસ્કૂલના આચાર્ય એ.પી.પટેલ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ચુંટણીનું મહત્ત્વ અને તેના માટેની ફરજો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

## મુલાકાત



આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની કેન્દ્રિય થીમ સાથે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪નું તા. ૯-૧-૨૦૨૪ દરમિયાન આયોજન થયું હતું. ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના પરિપત્ર અનુસાર ડી.ડી. ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન -પાલનપુર દ્વારા તા.૧૨-૧-૨૦૨૪ના રોજ શિક્ષણ વિભાગ હસ્તક હૉલ -૧૧માં 'Knowledge Economy and Techade' પેવેલિયનની મુલાકાત માટે પહોંચ્યા હતા. ત્યાં વિવિધ યુનિવર્સિટીઓના સ્ટોલ, સરકારની યોજનાઓના સ્ટોલ, વિવિધ કંપનીઓના,બેન્ક ક્ષેત્રના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓએ વિવિધ જીવન ઉપયોગી માહિતી એકત્રિત કરી હતી.

## રમતગમત



❊ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ રમત ગમત સંકુલ ખાતે ક્રીડાભારતી પાટણ જિલ્લા ખેલ ખેલાડી સંમેલન યોજાયું. જેમાં શ્રી એન.એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ શંખેશ્વરના વિદ્યાર્થી ગઢવી રાજદીપદાનએ ગોળા ફેંકમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું

હતું. કૉલેજના આચાર્ય ડૉ. રાજેશ ત્રિવેદી, કૉલેજના સંચાલક નવીનભાઈ ભોજક અને શારીરિક શિક્ષણ અધ્યાપક ડૉ. રાજેશ રબારીએ અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.



✲ રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ, મહેસાણા દ્વારા તા. ૧૩–૨–૨૦૨૪ના રોજ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સાર્વજનિક કેળવણી મંડળના માનદ્ મંત્રી દિલીપભાઈ ચૌધરી ઉપસ્થિત રહી ગ્રીન સિગ્નલ આપી સ્પોર્ટ્સ ડે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કુદરતી પર્યાવરણમાં તેમને યોગ તેમજ મેડિટેશન કરાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત લીંબુ ચમચી, કોથળા દોડ, ત્રીપગી દોડ, ઉંધી દોડ, સંગીત ખુરશી, વગેરે રમતો રમાડી હતી. તેમાં કૉલેજના સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## રાષ્ટ્રીય પરિસંવાદ



ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શ્રીમતી કે.કે. શાહ આર્ટ્સ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કૉલેજ, થરાના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી વિષયમાં 'ગુજરાતી સાહિત્યની કાવ્ય કૃતિઓનો આસ્વાદલક્ષી અભ્યાસ' એ વિષય ઉપર રાષ્ટ્રીય પરિસંવાદ તા.૩/૨/૨૦૨૪ના રોજ યોજાઈ ગયો. કાર્યક્રમનો પ્રારંભ સરસ્વતી વંદના અને દીપપ્રાગટ્ય કરી ઉપસ્થિત મહાનુભાવો, દાતાઓ, સારસ્વત વક્તાઓ, પ્રાધ્યાપકશ્રીઓ, શોધાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરી સેમિનાર વિષયક ગુજરાતી સાહિત્યના જાણીતા કવિઓને આવકાર્યા હતા. પ્રથમ બેઠકના વક્તા ડૉ. યશોધર હ. રાવલ, દ્વિતીય બેઠકના વક્તા ડૉ.રમેશભાઈ બી. શ્રીમાળી અને ડૉ.વર્ષાબેન ઠક્કરે ગુજરાતી સાહિત્યના જાણીતા ગીત કવિઓના ગીતોનો રસપૂર્વક આસ્વાદ કરાવેલ. તૃતીય બેઠકમાં વિવિધ કૉલેજોમાંથી પધારેલ પ્રાધ્યાપકો, શોધાર્થીઓએ પોતાના શોધપત્રો રજૂ કરી ગુજરાતી કાવ્ય કૃતિઓનો આસ્વાદલક્ષી રસાસ્વાદ કરાવી કાવ્ય પઠન કરેલ. આ પ્રસંગે કૉલેજનો સમગ્ર અધ્યાપકગણ, કર્મનિષ્ઠ પત્રકારશ્રીઓ, સમગ્ર કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

## રોજગાર



શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે. વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ, રાધનપુરમાં તા. ૨૯–૨–૨૦૨૪ના રોજ ટાટા કન્સલ્ટન્સી સર્વિસનો પ્લેસમેન્ટ કેમ્પ ડૉ. મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં પ્રિ. ડૉ. સી. એમ. ઠક્કરે ટીસીએસના પ્રતિનિધિઓને આવકારી વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ તેમજ ઈન્ટરવ્યૂ માટે માર્ગદર્શન આપ્યું હતું. ટીસીએસના શિવાંશુસરે વિદ્યાર્થીઓને ટાટા કંપની વિશે તેમજ ટાટાના કર્મચારીઓને આપવામાં આવતી સગવડો વિશે માહિતી આપી હતી. બી.એ., બી.કોમ.માં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સૌપ્રથમ ટીસીએસ કંપનીના સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓની લેખિત પરીક્ષા, પર્સનલ ઈન્ટરવ્યૂ જેવા વિવિધ રાઉન્ડ બાદ કૉલેજના કુલ ૯ વિદ્યાર્થીઓની ફાઈનલ પસંદગી કરવામાં આવી, જે કૉલેજ માટે ગૌરવની વાત છે.

## વ્યાખ્યાન



✲ ડૉ. આશાબેન પટેલ સરકારી વિજ્ઞાન કૉલેજ, ઊંઝા ખાતે નેશનલ સાયન્સ–ડે નિમિત્તે 'વિકસીત ભારત માટે સ્વદેશી ટેકનોલોજી' થીમ પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. ચિત્રા શુકલ એ વિજ્ઞાનનું મહત્ત્વ અને સ્વદેશી ટેકનોલોજીના મહત્ત્વ અને સરકાર દ્વારા યુવાનો માટે પોતે અને દેશ આર્થિક રીતે સદ્ધર બને તે માટે ચાલી રહેલ વિવિધ યોજનાઓની માહિતી આપી દરેક યુવાન વિજ્ઞાન થકી વિકસિત ભારતના નિર્માણમાં પોતે સહભાગી બને તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.



✲ શ્રી કે. આર.કટારા આર્ટ્સ કૉલેજ,શામળાજી મુકામે તા.૯–૨–૨૦૨૪ ના રોજ પ્રિ.ડૉ. અજય પટેલના માર્ગદર્શન હેઠળ 'ગીતાના શાશ્વત મૂલ્યો – વર્તમાન સંદર્ભમાં' વિષય પર એક વ્યાખ્યાનનું

આયોજન હાથ ધરાયું હતું. વક્તાપદે ડૉ. સંજયભાઈ પંડ્યાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ગીતાના શાશ્વત મૂલ્યો સત્ય, અહિંસા, યોગ, અભય, સંશુદ્ધી જેવા માનવ શરીરના ગુણોને પહેલીવાર કોઈએ મૂલ્યો તરીકે ઓળખાવ્યા હોય તો એ આપણો ધાર્મિક ગ્રંથ ગીતા છે. ગીતાને આપણા જીવનના આચરણમાં ઉતારીએ તો એ આપણા માટે સાંપ્રત સમયમાં ખૂબ જ ઉપયોગી નીવડે. તેમણે ગાંધીજી, બુદ્ધ, વિવેકાનંદ, સરદાર પટેલ જેવા મહાન વ્યક્તિઓએ પોતાના જીવનમાં મૂલ્યોને ઉતાર્યા અને સફળ થયા. તેમજ વિવિધ ઉદાહરણો રજૂ કરીને વિદ્યાર્થીઓમાં મૂલ્યોનું સિંચન કર્યું હતું.



❊ ડી.ડી. ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુર અને લાઈફ મિશન અંતર્ગત ભારતીય દર્શન અને પર્યાવરણ વિષય પર તા. ૧૭–૨–૨૦૨૪ના રોજ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં વકતા હરેશભાઈ ચૌધરી, પ્રિન્સિપાલ નિલુબેન ઘોષ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વક્તાશ્રીએ વિષયના અનુસંધાનમા ઊંડાણથી માહિતી વ્યક્ત કરી હતી. પર્યાવરણમાં પ્રદૂષણ ફેલાવવાના કારણો અને અટકાવવાના ઉપાયો વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ વિષયના અનુસંધાનમાં ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક મૂલ્યોનું પણ સારું જ્ઞાન વિદ્યાર્થીઓને આપ્યું હતું.



❊ ડૉ. આશાબેન પટેલ સરકારી વિજ્ઞાન કૉલેજ, ઊંઝા ખાતે વિશ્વ વેટલેન્ડ દિવસ નિમિત્તે વેટલેન્ડ ડે ની શરૂઆત કેમ કરવી પડી અને પર્યાવરણીય દ્રષ્ટિએ તેનું મહત્ત્વ, પાણીનું સંરક્ષણ વિવિધ જૈવ વૈવિધ્યતાનું આરક્ષણ, નાના સૂક્ષ્મ જીવોનું મહત્ત્વ, પોષણ કડી પોષણ જાળ વિવિધ વિષય પર વ્યાખ્યાન ડૉ. હસમુખ જોશી દ્વારા આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને જળ એજ જીવન છે ને આવનારી દરેક સજીવ પેઢીના તંદુરસ્ત ઈકોલજી માટે વેટલેન્ડ ડે ને સાચા અર્થમાં તેની જાળવણીમાં ભાગીદાર થઈ શકીએ તે અંગે જાગૃતતાનું કાર્ય વ્યાખ્યાન દ્વારા આપવામાં આવ્યુ હતું.

❊ ડૉ. આશાબેન પટેલ સરકારી વિજ્ઞાન કૉલેજ, ઊંઝા અને ઉદીશા અંતર્ગત સિદ્ધપુર ખાતે આવેલ શ્રીસ્થળ મ્યુઝીયમના ડૉ. તેજલબેન પરમારનું મ્યુઝીયમ પર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. જેમાં તેઓએ સિદ્ધપુરના શ્રી સ્થળ મ્યુઝીયમ વિશે રસપ્રદ માહિતી આપી, ઉત્તર ગુજરાતના ભવ્ય સંસ્કૃતિ કલા અને ઈતિહાસનો અનુભવ કરવા મ્યુઝીયમની મુલાકાત લેવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને મ્યુઝીયમનું મહત્ત્વ અને તેની જાળવણી અંગે સાથે બોટનીના વિદ્યાર્થીઓને હરબેરિયમ શીટની તૈયારી અને તેનું નોલેજ વિદ્યાર્થીઓ સાથે શેર કર્યું હતું.



❊ ડી.ડી. ચોક્સી કૉલેજ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, પાલનપુરમાં તા. ૨૦–૨–૨૦૨૪ના રોજ સૈદ્ધાંતિક શિક્ષણ વિષય અંતર્ગત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં મુખ્ય વક્તા ડૉ.સતિષ પ્રકાશ શુક્લ (નિવૃત્ત પ્રોફેસર શિક્ષણ શાસ્ત્રભવન, ગુજરાત યુનિવર્સિટી), પ્રિન્સિપાલ નિલુબેન ઘોષ, પ્રાઈમરી સ્કૂલના પ્રિન્સિપાલશ્રીઓ, કૉલેજનોસ્ટાફ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. વક્તા ડૉ. સતિષપ્રકાશ શુક્લા એ વિષયના અનુસંધાનમાં વિશેષ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. પ્રથમ કારકિર્દીલક્ષી પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી તેમજ શિક્ષક બન્યા પછી કેવી વ્યાવસાયિક સજ્જતા હોવી જોઈએ તેમજ મેળવેલ કૌશલ્યનો શિક્ષણમાં કેવી રીતે ઉપયોગ કરવો તેની વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપી હતી.



❊ શ્રી કે.આર. કટારા આર્ટ્સ કૉલેજ, શામળાજીમાં મહિલા આયોગ દ્વારા પ્રતિ વર્ષની જેમ વિદ્યાર્થીઓને સ્ત્રી સન્માન વિશે કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. એ.કે. પટેલના રાહબરી હેઠળ પાવર પોઈન્ટના માધ્યમથી સુશ્રી રેણુકાબેન પંડ્યાએ વિદ્યાર્થિનીઓને જૂની વિચારસરણી ધરાવતા લોકો અને વર્કિંગ સ્ત્રીઓ અને સાથે સાથે ઘરની સંભાળ પણ રાખીને બેવડી ભૂમિકા અદા કરતી હોય છે ત્યારે એને પડતી અગવડતાના કેટલાક રસપ્રદ વીડિયો દર્શાવી સ્ત્રી સમાનતા અંગે રસપ્રદ વ્યાખ્યાન રજૂ કરીને વિદ્યાર્થીઓને જ્ઞાનથી તરબોળ કર્યા હતા.



✻ એન.એમ. શાહ આર્ટ્સ કૉલેજ, શંખેશ્વરમાં ગુજરાત સરકાર અને સેવ કલ્ચર ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા કલ્ચર પ્રિઝર્વેશન પર સંયુક્ત ઉપક્રમે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન એન.એસ.એસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને આચાર્ય ડૉ.રાજેશ ત્રિવેદી એ વકતૃત્વ સ્પર્ધાના વિષયોની માહિતી આપી હતી અને વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. રાજેશ રબારી એ સુંદર આયોજન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.



✻ બી.પી.બી. આર્ટસ એન્ડ એમ.એચ.જી. કોમર્સ કૉલેજ, ઊંઝામાં તા.૧૦–૨–૨૦૨૪ ના રોજ કોમર્સ વિભાગમાં કાયદાકીય વિષયનું જ્ઞાન મળી રહે તે માટે વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં વક્તા તરીકે વી. એસ. લો કૉલેજના અનુસ્નાતક વિભાગના જિગર પટેલે વિદ્યાર્થીઓને કાયદાકીય જ્ઞાન અંગે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. જેનું સમગ્ર સંચાલન કોમર્સ વિભાગના ડૉ. ડી. કે. પટેલ, ડૉ. સુનિતા પટેલ અને ડૉ. સંજય લુહાણા એ કર્યું હતું.




✻ મણિબેન એમ. પી.શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડીમાં વુમન ડેવલોપમેન્ટ સેલ અંતર્ગત બેન્ક ઓફ બરોડા, કડી શાખા દ્વારા તા. ૨૩–૨–૨૦૨૪ના રોજ સેક્રેટરી નલીનભાઈ શાહની ઉપસ્થિતિમાં સાઈબર ક્રાઈમ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવેલ. સાયબર ટેકનોલોજીના વધુ પડતાં ઉપયોગની સાથે સાથે સાઈબર ક્રાઈમ અલગ અલગ પ્રકારે વધી રહ્યા છે, ત્યારે વિદ્યાર્થીઓમાં જાગૃતતા કેળવવાના હેતુથી તેમજ વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમથી સુરક્ષિત રાખવા બાબત શ્રીમતી અનસુયાબેન બાલકૃષ્ણ પરીખ લો કૉલેજના પ્રો. જાનલબેન ગઢવીએ વિસ્તૃત માહિતી આપી હતી.

## શિબિર



✻ શ્રી વી.આર. પટેલ કૉલેજ ઓફ કોમર્સ, મહેસાણા દ્વારા તા. ૧૯ થી ૨૧ જાન્યુઆરી, ૨૦૨૪ દરમ્યાન યુનિ. કક્ષાની વાણિજ્ય વ્યવસાય નિદર્શન અને તાલીમ શિબિર ડૉ. ડી.કે. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. જેમાં એમ.કોમ. સેમ–૪ના પાર્થ પટેલ, ઝાકીર પીઢારા અને હકમા ચૌધરી એમ ત્રણ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## સાંસ્કૃતિક કાર્યક્રમ

શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, મહેસાણામાં તા.૧૫–૨–૨૦૨૪ ના રોજ સાંસ્કૃતિક કમિટી ‘ઉડાન’ દ્વારા ઝનકાર –૨૦૨૪ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. જેમાં વિદ્યાર્થિનીઓ દ્વારા ગરબો, સમૂહ નૃત્ય, સોલે ડાન્સ, હાસ્ય નાટક જેવી કૃતિઓ દ્વારા પોતાની અંદર રહેલ કલાને ઉજાગર કરી હતી. આવા કલાકારો માટે કૉલેજે સુંદર સ્ટેજ પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે કૉલેજની વિદ્યાર્થીનીઓ ટ્રેડિશનલ ડ્રેસમાં હાજર રહી આ કાર્યક્રમને દીપાવ્યો હતો.

## સબરસ

પતિ : લગ્ન વખતે તે વચન આપ્યું હતું અને સ્વીકાર કર્યો હતો કે તું મારી ઈજ્જત કરીશ, મારી બધી વાત માનીશ.

પત્ની : તો શું આટલા બધા લોકો સામે તમારી સાથે દલીલ કરું?

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan

P.B.21, University Road, Patan - 384265 • Phone : +91 2766 237000, 220932, 230529 • Visit us at : www.ngu.ac.in • Email : udichyahngu@gmail.com

**Editor :** **Dr. Rajanikant Patel** (University Librarian), **Dr. Chanduji Thakor**

Published by : **Registrar,** Hemchandracharya North Gujarat University, Patan.

Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2026, Posting Reg. No. PATAN/008/2024-26, Office of Posting: PATAN H.P.O

વ્યક્તિગત વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– કૉલેજનું વાર્ષિક લવાજમ રૂા. ૬૦૦/–